


P.07

વેલેન્ટાઇન ડે પર શાહરૂખ ખાનની પ્રિય પુત્રીને કોણે ગુલાબ મોકલ્યા?


ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૮૬ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા વદ ૦૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 186 • Dt.16-02-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

સુષ્મિતા સેનના પ્રેમમાં રહેલા લલિત મોદી ફરી પ્રેમમાં પડ્યા

રશિયાનો યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો । ન્યૂક્લીયર એજન્સી એલર્ટમોડ




07


16

FEBRUARY- 2025

SUNDAY





07


સીબીઆઇએ ૧.૦૮ કરોડ રૂપિયા, ૧,૦૦૦ અમેરિકન ડોલરનું વિદેશી ચલણ અને ૨૫૨ ગ્રામ સોનું જપ્ત કર્યું






















## ગુજરાત રાજ્યની સરકાર દ્વારા ખેડૂતો પાસેથી

# ૮૨૯૫ કરોડ રૂપિયાની ટેકાના ભાવે મગફળી ખરીદી કરાઈ

### ખેડૂતોને ચૂકવણું પણ ખરીદી બાદના માત્ર ૭ જ દિવસમાં કરવાનો નવો કીર્તિમાન સ્થાપિત થયો છે

। ગાંધીનગર,તા.૧૫ ।

ભારત અને ગુજરાત સરકારના પ્રો-એક્ટિવ પ્રયાસોના પરિણામે ખેડૂતોની સંખ્યા અને ખરીદ જથ્થાની દ્રષ્ટિએ રાજ્યમાં મગફળી પાકની વિક્રમજનક ખરીદી થઈ છે. સાથે જ, ખેડૂતોને ચૂકવણું પણ ખરીદી બાદના માત્ર ૭ જ દિવસમાં કરવાનો નવો કીર્તિમાન સ્થાપિત થયો છે. આ સંદર્ભે વિગતો આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યના ખેડૂતો પાસેથી મગફળીની અત્યાર સુધીની સૌથી વધુ ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન ખરીદી કરવામાં આવી છે. રાજ્યના ૩.૬૯ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ.૮,૨૯૫ કરોડથી વધુ મૂલ્યની મગફળી ખરીદવામાં આવી છે.તેમણે જણાવ્યું કે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ દ્વારા એક ખેડૂત પાસેથી પ્રતિદિન ૧૨૫ મણ મગફળીની ખરીદીની મર્યાદામાં વધારો કરીને ૨૦૦ મણ પ્રતિદિન નિયત કરવામાં આવી હતી. જેના પરિણામે છેલ્લા પાંચ વર્ષમાં થયેલી મગફળીની કુલ ૨૨.૮૪ લાખ મેટ્રિક ટન ખરીદી સામે આ એક જ વર્ષમાં રેકોર્ડબ્રેક ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન ખરીદી થઈ છે. જેનાથી ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. મંત્રીએ કહ્યું કે, ખેડૂતો વાવેતર કરે તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવાની નવી પ્રણાલીથી ખેડૂતો નિશ્ચિંત થઈને વાવેતર કરી રહ્યા છે. ચાલુ સિઝનમાં મગફળીનું



મબલખ વાવેતર અને મબલખ ઉત્પાદન થવા સાથે બજાર ભાવ કરતા મગફળીનો ટેકાનો ભાવ મણે રૂ.૨૫૦ જેટલો વધુ હોવાથી ખેડૂતોએ ટેકાના ભાવની આ યોજનાનો મન મુકીને લાભ લીધો છે. એકંદરે આ ૩.૬૭ લાખ ખેડૂતોને કુલ રૂ.૧૫૩૦ કરોડનો સીધો લાભ મળ્યો છે.નોંધણી કરાયેલા ૩.૭૪ લાખ ખેડૂતોને ખરીદી માટે મેસેજ કર્યા બાદ ૯૮ ટકા ખેડૂતોએ આ યોજનાનો લાભ લેતા સરકારને મગફળીનું વેચાણ કર્યું છે. જે પૈકીના ૨.૯૨ લાખથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં રૂપિયા ૬,૬૦૦ કરોડ જેટલી માતબર રકમનું ચૂકવણું કરી દેવામાં આવ્યું છે. બાકીના ખેડૂતોને પણ આગામી સાત દિવસમાં ચૂકવણું પૂર્ણ કરવાનું આયોજન છે, તેવી મંત્રી પટેલે ખાતરી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ રેકોર્ડબ્રેક ખરીદી કોઈપણ અડચણ વગર સુચારૂરુપે પૂર્ણ થાય તે હેતુથી દર અઠવાડિયે કૃષિ મંત્રી રાઘવજી પટેલ દ્વારા અધિકારીઓ, કેન્દ્રિય અને રાજ્ય નોડલ એજન્સી તેમજ વખાર નિગમ સાથે સતત સમીક્ષા બેઠકો યોજવામાં આવી હતી.

## ઘર કંકાસમાં પતિએ પત્નીને દાતરડા વડે વાઢી નાંખી, પતિ પત્ની વચ્ચે ઝઘડા થતા હતા

। મહેસાણા, તા.૧૫ ।

મહેસાણા જિલ્લાના વડસ્માં ગામે રહેતા નિવૃત્ત આર્મી મેન રમેશભાઈ પ્રજાપતિએ ઘર કંકાશમાં પોતાની જ પત્નીને દાતરડા વડે હુમલો કરી તેનું મોત નીપજાવ્યું. અવારનવાર પતિ પત્ની વચ્ચે ઝઘડા થતા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી પતિનો અસહ્ય ત્રાસ વધ્યો હોવાનું ખુદ તેના દીકરો અને દીકરી જણાવી રહ્યા છે. એક દીકરી માટે તેના પિતા એક આઈડલ સમાન હોય છે ત્યારે આ પિતા માટે દીકરી જ ફાંસીની સજાની માંગ કરી રહી છે, અને તેના પિતાના આડા સંબંધોના કારણે તેની માતાનું મોત નીપજાવ્યું હોવાનું મૃતકના દીકરો અને દીકરી જણાવી રહ્યા છે. રમેશભાઈ પ્રજાપતિ દ્વારા અવારનવાર તેની પત્ની પાસે ઝઘડા થતા હોવાની વાત સામે આવી જેમાં છેલ્લા ત્રણ વર્ષથી અવારનવાર પતિ પત્ની વચ્ચે ઝઘડાઓ થતા હતા.

## ભરૂચના ૨૫ વર્ષીય યુવકને કેનેડામાં અકસ્માત નડ્યો,કાર અને ટ્રકની અથડામણમાં કરૂણ મોત

। ભરૂચ, તા.૧૫ ।

ગુજરાતીઓને સૌથી વધુ વિદેશનો મોહ છે, ત્યારે એક દુ:ખદ સમાચાર સામે આવી રહ્યા છે. કેનેડામાં ભરૂચના આમોદના યુવાનનું રોડ અકસ્માતમાં કરૂણ મોત નીપજ્યું છે. જી હા.. કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા ભરૂચના ૨૩ વર્ષીય યુવક ઋષભ લીંબચીયાનું કરુણ મોત નીપજ્યું છે. કાર અને ટ્રક વચ્ચેની ટક્કરનો વીડિયો પણ સામે આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ભરૂચના આમોદના રહેવાસી ૨૩ વર્ષીય યુવક ઋષભ લીંબચીયાનું કેનેડામાં એક અકસ્માતમાં મોત નીપજ્યું છે. ઋષભ લીંબાચીયા ૩ વર્ષથી સ્ટુડન્ટ વિઝા પર કેનેડામાં રહેતો હતો. ઋષભ લીંબાચીયાના ફેસબુક પર આપવામાં આવેલી માહિતી અનુસાર ઋષભ ટોરોન્ટોમાં રહેતો હતો અને અલગોમા યુનિવર્સીટીમાં અભ્યાસ કરી રહ્યો હતો. આમોદના કાલિકા માતા મંદિર વિસ્તારમાં રહેતા યુવાનનું કેનેડાના બ્રેમટનમાં કરુણ મોત નીપજ્યું છે.

## રાજકોટના વિંછીયા તાલુકામાં મોટા જથ્થામાં વિદેશી દારૂ ઝડપાયો

। રાજકોટ, તા.૧૫ ।

રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના મોટા હડમતીયા ગામની સીમમાંથી રાજકોટ LCBની રેડ દરમિયાન રૂપિયા ૬.૨૬ લાખ રૂપિયાનો વિદેશી દારૂ મળી આવ્યો હતો, વિંછીયા પોલીસે વિદેશી દારૂ ઝડપી મુદ્દામાલ કબ્જે કરી તેમજ ગેરકાયદેસર પ્રવૃતિ કરનારની ધરપકડ કરનાર સામે ગુનો નોંધ્યો છે, તેમજ વધુ તપાસ શરૂ કરી છે.વિંછીયા પોલીસને વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મોટા હડમતીયા ગામની વાડી વિસ્તારનો મકાનનો કબ્જો ભોગવનાર આરોપી મુનાભાઈ જીલુભાઈ ખાચર નામના આરોપીની વાડીના મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. મકાનમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૮૮૦ નંગ બોટલ તેમજ બીયર ટીન નંગ ૧,૦૦૮ મળી આવ્યા હતા.લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૮૮૦ જેટલી નંગની બોટલો, જેની કિંમત અંદાજે રૂપિયા ૬,૨૬,૧૬૦ લાખ થાય છે, તે મુદ્દામાલ રાજકોટ એલસીબીએ કબ્જે કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. તેમજ તેની દારૂનું વેચાણ, સપ્લાય અંગે વધુ પૂછપરછ હાથ ધરી છે. આ કામગીરીમાં રાજકોટ એલસીબીની ટીમ પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી ઓડેદરા તેમજ સબ ઈન્સ્પેક્ટર એચ.સી.ગોહિલ તેમજ બાલકૃષ્ણ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઈ આલ, ધર્મેશ બાવળીયા રસિકભાઈ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા, મહેન્દ્રપાલસિંહ ચુડાસમા, ભાવેશ મકવાણા, વિરમ સમેયા સહિતનો પોલીસ સ્ટાફ કામગીરીમાં જોડાયેલો હતો.

## મહાશિવરાત્રી એટલે ભોળાનાથના ભક્તો માટે વર્ષનો સૌથી મોટો મહોત્સવ

# સોમનાથમાં મહાશિવરાત્રી પર્વે સમુદ્ર તટે હજારો ભક્તોને પાર્થેશ્વર શિવલિંગનું મહાપૂજન કરાવાશે

। સોમનાથ,તા.૧૫ ।

મહાશિવરાત્રી એટલે ભોળાનાથના ભક્તો માટે વર્ષનો સૌથી મોટો મહોત્સવ. મહાશિવરાત્રીના પર્વ પર શિવભક્તો મહાદેવની અનેકવિધ પ્રકારે આરાધના કરતા હોય છે. અને તેમાં પણ વિશેષ રૂપે જ્યોતિર્લિંગ ક્ષેત્રમાં શિવ પૂજન નું શાસ્ત્રમાં પણ અનેરૂ મહાત્મય વર્ણવવામાં આવ્યું છે. લાખો લોકો સોમનાથ આવનાર હોય ત્યારે શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા દરેક પરિવાર નજીવા શુલ્ક સાથે પૂજા નો લાભ લઈ શકે તેવી ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે.મહાશિવરાત્રી પર્વે તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા હજારો શ્રદ્ધાળુઓને પંચમહાભૂત ની અનુભૂતિ કરાવતી શિવજીના સૌથી પવિત્ર સ્વરૂપ



એવી પાર્થીવેશ્વર શિવલિંગની પૂજા કરાવવામાં આવશે. જેમાં ભક્તે માત્ર ૨૫૧ ની ન્યોછાવર રાશિમાં આસન, પૂજા સામગ્રી, માટીનું શિવલિંગ, સહિત તમામ વ્યસ્થા પુરી પાડવામાં આવશે.દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રકૃતિ અને આધ્યાત્મ બંને ને સાથે રાખીને સનાતન ધર્મની પ્રકૃતિપ્રેમ ની વિસ્તૃત વિચારધારા દર્શાવનાર અનેકવિધ પ્રકલ્પો ચલાવી રહ્યું છે. જેમાં સૌથી અદભુત પ્રકલ્પો માનું એક છે પાર્થિવ શિવલિંગ પૂજન. આ પૂજા ગત ૨ વર્ષથી સોમનાથ ટ્રસ્ટ દ્વારા હજારો ભક્તોને સોમનાથ મંદિરના સાનિધ્યમાં પ્રોમોનેડ વોક-વે પર મારુતિ બીચ મહાશિવરાત્રીના પર્વ પર આ વિશેષ પૂજા કરાવવામાં આવી હતી. જેમાં આકાશ, અગ્નિ, જલ, પૃથ્વી, અને હવા એમ પંચ મહાભૂતની પૂજા સાથે અભિમંત્રિત માટી દ્વારા નિર્મિત પાર્થિવ શિવલિંગ દ્વારા ભકતોને વિસ્તૃત પૂજા કરાવવામાં આવી હતી. જે ભક્તો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી હતી. આ વર્ષે શ્રદ્ધાળુઓની લાગણીઓને ધ્યાને લઈ વધુ ભવ્યતા સાથે એક સ્તર ઉપર જઈને આ વર્ષે વધુ મોટી માત્રામાં ભકતોને પૂજાનો લાભ મળી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.આ પૂજામાં દંપતીને બેસવા માટેની આસન વ્યવસ્થા, પાર્થિવ શિવલિંગ, ઈકો ફ્રેન્ડલી પંચપાત્ર, આચમની, તરભાણું, ફળ સાથે પૂજા સામગ્રી શ્રી સોમનાત ટ્રસ્ટ તરફથી પૂરી પાડવામાં આવશે.

## વડોદરામાં લવજેહાદનો કિસ્સો: મોહસીને મનોજ બની પરીણિતાને ફસાવી

। વડોદરા, તા.૧૫ ।

વડોદરાના તાંદળજા વિસ્તારમાં સનફાર્મા કંપનીની બાજુમાં નૂરજહાં પાર્ક સોસાયટીમાં રહેતા મોહસિન અયુબખાન પઠાણે પોતાની ઓળખાણ મનોજ સોની તરીકે આપીને બાપોદ વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષની અને બે સંતાનોની માતાને પ્રેમ જાળમાં ફસાવી હતી.ભાંડો ફૂટતા મહિલા અને તેના બે સંતાનોને ધર્મ પરિવર્તન માટે ધમકી આપીમુસ્લિમ હોવા છતાં હિન્દુ વિધિ મુજબ મોહસિને પરિણીતા સાથે લગ્નનું તરકટ કર્યું હતું. ગત ઉત્તરાયણના રોજ પરિણીતાને મોહસિનની અસલિયતની જાણ થઈ હતી. તેણે આ અંગે મોહસિનને કહેતા ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ મોહસિને પરિણીતાને અને તેના સંતાનોને ધર્મ પરિવર્તન માટે દબાણ શરૂ કર્યું હતું અને ધમકી આપી હતી કે આ વાત કોઈને કરીશ તો તને કરીશ તો તને જાનથી મારી નાખીશ. વડોદરાના તાંદળજા વિસ્તારમાં સનફાર્મા કંપનીની બાજુમાં નૂરજહાં પાર્ક સોસાયટીમાં રહેતા મોહસિન અયુબખાન પઠાણે પોતાની ઓળખાણ મનોજ સોની તરીકે આપીને બાપોદ વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષની અને બે સંતાનોની માતાને પ્રેમ જાળમાં ફસાવી હતી.ભાંડો ફૂટતા મહિલા અને તેના બે સંતાનોને ધર્મ પરિવર્તન માટે ધમકી આપીમુસ્લિમ હોવા છતાં હિન્દુ વિધિ મુજબ મોહસિને પરિણીતા સાથે લગ્નનું તરકટ કર્યું હતું.

## ૧૦મા ધોરણની સગીરાને ગેસ્ટ હાઉસમાં લઈ જઇ આચર્યુ દુષ્કર્મ

। અમરેલી, તા.૧૫ ।

અમરેલીના વંડા બાદ હવે સાબરકાંઠા જિલ્લાના શિક્ષણ જગતને લાંછન લગાવતો એક કિસ્સો સામે આવ્યો છે. ત્યારે હિંમતનગરની તાલુકા શાળામાં અભ્યાસ કરતી કિશોરી પર શિક્ષકે દુષ્કર્મ આચર્યુ છે. આ નરાધમ શિક્ષક બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ જઈ ગયો હતો અને જ્યાં તેણે દુષ્કર્મ આચર્યુ છે. આ મામલે કિશોરીના માતા-પિતાએ ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પર શાળાના જ શિક્ષકે દુષ્કર્મ આચર્યુ છે. વિદ્યાર્થી ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે અને શિક્ષક ધોરણ ૧૦માં અંગ્રેજી અને સંસ્કૃત વિષય ભણાવે છે. શિક્ષક વિદ્યાર્થીનીને બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. જ્યાં તેણે સતત બે કલાક સુધી વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતાં વિદ્યાર્થીની તબિયત લથડી હતી. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખાતે મૂકીને ભાગી ગયો હતો. આ સમગ્ર મામલે પોલીસે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી શિક્ષકને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.



## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૩મી ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ કરાવ્યો

# ગુજરાત માત્ર દેશનું આર્થિક ગ્રોથ એન્જિન જ નહિ, પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતીક બન્યું

**"૨૩મી ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવ્યો હતો**

| ગાંધીનગર,તા.૧૫ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે "૨૩મી ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. "કેસ્ટર: પાવરીંગ સસ્ટેનેબલ સોલ્યુશન્સ ફોર અ ગ્રીનર ફ્યુચર" થીમ સાથે સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિયેશન દ્વારા આયોજિત આ કોન્ફરન્સમાં ૧૫થી વધુ દેશોના ૪૦૦થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા. આ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીના હસ્તે સારી કૃષિ પદ્ધતિઓ દ્વારા એરંડા બીજમાં સતત ઉચ્ચ ઉત્પાદકતા માટે ૪ ખેડૂતોને 'શ્રી વિઠ્ઠલભાઈ જી. ઉદેશી' કેસ્ટર ઈનોવેશન એવોર્ડ તેમજ વર્ષ-૨૦૨૪ માટે સૌથી વધુ કેસ્ટર ઓઈલ નિકાસ, સૌથી વધુ કેસ્ટર ડેરિવેટિવ્સ નિકાસ તથા ભારતમાંથી સૌથી વધુ કેસ્ટર ઓઈલ આયાત કરનાર અન્ય દેશના ઉદ્યોગકારોને એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કેગુજરાત માત્ર દેશનું આર્થિક ગ્રોથ એન્જિન જ નહિ, પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતીક બન્યું છે. તેમણે ગુજરાતને પોલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. તેના



પરિણામે કૃષિ અને ઉદ્યોગ એકસાથે પ્રગતિ કરી રહ્યાં છે.

મુખ્યમંત્રીએ રાજ્યના એરંડા ઉત્પાદન સાથે સંકળાયેલા ખેડૂતો અને એરંડા પ્રોસેસિંગ-ઉત્પાદન સાથે સંકળાયેલા ઉદ્યોગોને "રાજ્ય સરકાર હંમેશા તમારી પડખે છે" એમ જણાવી જરૂરી મદદ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મુખ્યંમત્રીએ જણાવ્યું હતું કે, એરંડા જેવા પરંપરાગત કૃષિ પાકો અને ઉત્પાદનોના વેલ્યૂ એડિશન કરવા સાથે સમયને અનુરૂપ નવતર આયામો અપનાવ્યા છે. આજે વર્લ્ડ કેસ્ટર માર્કેટમાં પણ ગુજરાત સિંહફાળો ધરાવતું સ્ટેટ છે.૨૦૦૩માં ગુજરાતમાં માત્ર ૨૯૦૦ હેક્ટર વિસ્તારમાં એરંડાનું વાવેતર થતું હતું. પરંતુ મોદી સાહેબના માળખાકીય અને નીતિગત પ્રયાસોથી ૨૦૨૪માં આ વાવેતર લગભગ ૭૨૦૦થી વધુ હેક્ટરમાં થવા લાગ્યું છે તેની પણ વિગતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ, કોસ્મેટિક્સ, લ્યુબ્રિકન્ટ્સ અને બાયોડીઝલ જેવા અનેક ક્ષેત્રોમાં એરંડાનો ઉપયોગ વ્યાપકપણે વધ્યો છે, તેથી તેની માંગ દિન-પ્રતિદિન વધી રહી છે અને વેલ્યૂ એડિશનની જરૂરિયાત ઊભી થઈ છે. વિશ્વભરના બજારોમાં, ગુજરાતના એરંડાના તેલની વિશ્વસનીયતા અને ગુણવત્તા ખૂબ મહત્વની છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે એરંડાના ઉત્પાદન અને નિકાસની સાથે નવી ટેક્નોલોજી અને સંશોધન દ્વારા ઉત્પાદન ક્ષમતા વધારવા પ્રાથમિકતા આપી છે. તેમણે આ કોન્ફરન્સને માત્ર ઉદ્યોગ કે કૃષિ માટે નહિ, પણ "મેક ઈન ઈન્ડિયા, ગ્રો ઈન ગુજરાત"ના વડાપ્રધાનશ્રીએ આપેલા વિઝન માટેનું મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. ગુજરાતની ગ્લોબલ એરંડા હબ તરીકેની ઓળખ દ્રઢ કરવાની દિશામાં સમૂહ મંથન કરવામાં આ કોન્ફરન્સ વિશેષ ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યંમત્રીએ આ કોન્ફરન્સને એરંડા ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતો અને ઉદ્યોગોના વ્યાપક હિતમાં આ ક્ષેત્રનો વધુ સારી રીતે વિકાસ થાય તે માટેનું યોગ્ય પ્લેટફોર્મ ગણાવી હતી.

## પ્રયાગરાજમાં હાલ મહાકુંભ યોજાયેલો છે

# કુંભથી પરત ઘરે ફરી રહેલા ગુજરાતી શ્રદ્ધાળુઓને અકસ્માત | ૪ લોકોના મોત

| દાહોદ,તા.૧૫ |

પ્રયાગરાજમાં હાલ મહાકુંભ યોજાયેલો છે. આ દરમિયાન પ્રયાગરાજ-મિર્જાપુર હાઈવે પર શુક્રવારે રાતે બોલેરો કાર અને બસમાં જોરદાર અથડામણ થઈ. આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા. જ્યારે ૧૯ લોકો ઘાયલ થયા. હજું આ ઘટનાને કળ વળી નથી, ત્યાં મહાકુંભમાંથી પરત આવતા શ્રદ્ધાળુઓનો ગુજરાતના દાહોદમાં ભયાનક અકસ્માત નડ્યો છે. ટ્રક અને મિનિ બસના અકસ્માતમાં ૪ શ્રદ્ધાળુનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. જ્યારે ૮ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

લીમખેડાના પાલ્લી હાઈવે પર અકસ્માતની આ ઘટના બની છે. જેમાં રસ્તા પર ઉભેલી ટ્રક પાછળ મિની બસ ઘૂસી ગઈ હતી. અંકલેશ્વર અને ધોળકાના પરિવારને અકસ્માત નડ્યો છે. જેમાં ૮ જેટલાં ઘાયલોને સારવાર માટે દાહોદ ખસેડાયા હોવાની માહિતી મળી રહી છે.

આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, લીમખેડાના પાલ્લી હાઈવે પર અંકલેશ્વર અને ધોળકાના પરિવારને અકસ્માત નડ્યો છે. રસ્તા ઉપર ઊભેલી ટ્રકમાં પાછળથી ટ્રાવેલર ગાડીએ ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અંકલેશ્વર ધોળકા સહિતના પરિવારના સભ્યો અકસ્માતનો ભોગ બન્યા છે. ઘાયલોને સારવાર માટે દાહોદ સિવિલ હોસ્પિટલે ખસેડાયા છે.

## સુરતમાં બે મોટા ભયાનક રોડ અકસ્માત, ૫ યુવકોના મોતથી વિસ્તારમાં હડકંપ

| સુરત, તા.૧૫ |

રાજ્યમાં અકસ્માતોની વણઝાર ચાલી રહી છે, ત્યારે ગુજરાતમાં આજના દિવસે સુરતમાં બે મોટી અકસ્માતની ઘટના સામે આવી રહી છે. ઉમરપાડાના વાડી-ઉમરઝર ગામ રોડ પર ઈકો કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ યુવકના મોત થયાં છે, જ્યારે ઉમરાથી અઠવાગેટ તરફ જતી વેળાએ મોટર સાયકલ ડિવાઈડર સાથે ભટકાતા બે યુવકોના મોત થયા છે. આ ઘટના પારલે પોઈન્ટના બ્રિજ પર ગંભીર અકસ્માતની ઘટના બની છે. જેમાં ડિવાઈડર સાથે ભટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બંને યુવાનોની ટૂંકી સારવાર બાદ મોત થયું છે. એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

સુરત અકસ્માતમાં ત્રણ યુવકના કમકમાટીભર્યા મોત થયા છે. ઉમરપાડાના વાડી-ઉમરઝર ગામ રોડ પર આ અકસ્માત થયો છે. જેમાં ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો છે. ગંભીર ઈજાના કારણે બાઈક સવાર ત્રણ યુવકના મોત નીપજ્યા છે. મૃતક યુવકો સાગબારા તાલુકાના વતની હોવાનું જાણવા મળી રહ્યું છે.

## જામનગરના એડવોકેટ કિરીટ જોશીના હત્યા કેસમાં પને હાઈકોર્ટે દંડ ફટકાર્યો

| જામનગર, તા.૧૫ |

જામનગરના અતિચકચાર એડવોકેટ કિરીટ જોશી હત્યા પ્રકરણમાં સંડોવાયેલા બે આરોપીઓ કે જે ચાલુ કેસ દરમિયાન ૭ વર્ષ બાદ પોતે સંડોવાયેલા નથી, તેવી ખોટી અરજી કરી હતી. તેમજ આ પ્રકરણના ત્રણ સાક્ષીઓ કે જેઓ પણ અદાલત સમક્ષ ફરી ગયા હોવાથી અદાલતે પાંચેય સામે કડક વલણ દાખવ્યું છે, અને અદાલતનો સમય બરબાદ કરી નાખવા માટે પ્રત્યેકને એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.સને-૨૦૧૮ ના વર્ષમા જામનગરમાં ટાઉન હોલ પાસે એડવોકેટ કિરીટભાઈ જોષીની અજાણ્યા ઈસમોએ છરીના આડેધડ ઘા મારી ગંભીર ઈજા કરી હત્યા નિપજાવી હતી. જે કેસમા મૃતકના નાના ભાઈ એડવોકેટ અશોકભાઇ જોષીએ જયસુખ મુળજીભાઇ રાણપરીયા ઉર્ફે જયેશ પટેલ (રહે.જામનગર) તેમજ અજાણ્યા ઈસમો વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી.રાજકોટ વિભાગના આઈ.જી. અશોકકુમાર યાદવ તથા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂના માર્ગદર્શન હેઠળ આ ગુનાના તપાસ જામનગર ગ્રામ્યના ડીવાયએસપી આર.બી.દેવધા ચલાવી રહયા છે.તેમજ જામનગર એલ. સી.બી. પોલીસ ઈન્સ વી.એમ.લગારીયા તપાસનીસ અધિકારીની સાથે તપાસ ટીમમાં મદદમા રહયા છે.આ કેસમા આરોપીઓ સાયમન લુઈસ દેવીનાદન, અજયપાલસિંહ ઉર્ફે બોબી ઉમેદસિંહ પવારે તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં કેસમાથી છુટવા માટે ક્રોસીંગ અરજી દાખલ કરી છે. જેમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અવલોકન કરાયું હતું કે, આ કેસમા આરોપ ઘડવામા આવેલો છે, તેમજ સેશન્સ કોર્ટમાં ચાર્જફ્રેમ કરવામાં આવ્યો છે,જેથી સદરહુ અરજી ધ્યાને લઈ શકાય નહી, કેસ ચાલવામા અવરોધ પેદા થાય, તે માટે ૭ વર્ષ પછી વ્યર્થ અરજી દાખલ કરેલ હોવાની ટીપ્પણી કરી, બન્ને આરોપીઓને -૧ લાખ રૂપિયાનો દંડનો ભરવા અંગે ગુજરાત હાઈકોર્ટ તરફથી હુકમ કરવામા આવ્યો છે.






## તંત્રી લેખ..

# જોબ માર્કેટ પર દબાણ

કોરોના વાયરસના કારણે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર દુનિયામાં દરેક ક્ષેત્રમાં ભીષણ મંદી આવી આવી ગઇ છે. ઉદ્યોગોની કમર તુટી ગઇ છે. લાંબા સમય સુધી લોકડાઉન રહ્યા બાદ આ પ્રકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. એવા સમયમાં જોબ માર્કેટમાં દબાણ વધી રહ્યુ છે. રિપોર્ટ મુજબ લાખો કરોડો લોકોની નોકરી જતી રહી છે. આગામી દિવસો નોકરી કરનાર લોકો માટે વધારે ખતરનાક રહી શકે છે. જો કે નિષ્ણાંતો એ ક બાબત તો ચોક્કસ કહે છે કે એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઇન્ટરવ્યુ અને ઇન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ. વર્તમાન કંપનીમાં સ્વેચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઇએ.

# બોસને રાજી કરવાના તરીકા શુ છે

નોકરી કરનાર દરેક વ્યક્તિ આ બાબત તો નિખાલસ રીતે સ્વીકાર કરે છે કે બોસની સાથ સારી ટ્યુનિંગ જળવાઇ રહે તે જરૂરી હોય છે. આના માટે દરેક કર્મચારી અલગ અલગ તરીકા અજમાવે છે. જો કે કેટલાક તરીકા એવા હોય છે દરેક પ્રકારના બોસને પ્રભાવિત કરે છે. આ તરીકા અજમાવીને કર્મચારીઓ બોસને ખુશ રાખી શકે છે. આના કારણે કર્મચારીને તેની કેરિયર બનાવવામાં ખુબ મદદ મળે છે. બોસને કેટલાક તરીકા અજમાવીને ખુશ રાખી શકાય છે. આજે આ લેખમાં અમે આ વિષય પર વાત કરી રહ્યા છીએ. પોતાના મેનેજરને સમજી લેવાની જરૂર હોય છે. દરેક મેનેજર જુદા જુદા હોય છે. જેથી કામને હેન્ડલ કરવાના તેમના તરીકા પણ જુદા જુદા હોય છે. સૌથી પહેલા તો મેનેજરની કામની પેટર્નને સમજી લેવાની જરૂર હોય છે. આના કારણે તેમના દ્વારા આપને આપવામાં આવેલા ગોલ્સને પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે. જ્યારે આવુ થશે ત્યારે ગોલ્સને હાંસલ કરવામાં તમે પણ મહેનત સાથે આગળ વધી શકો છો. કોમ્યુનિકેશન કોઇ પણ સંબંધને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. બોસ સાથે પણ કોમ્યુનિકેશન જાળવી રાખવા માટેની બાબત જરૂરી હોય છે. ગોલ્સ અને ટાર્ગેટને લઇને તેમને હમેંશા માહિતીગાર કરવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે બોસને આપની પ્રોગ્રેસ અંગે માહિતી મળતી રહે છે. આવી સ્થિતીમાં જો તમે કોઇ મુશ્કેલીમાં ફસાઇ જાવો છો ત્યારે આપના બોસને મદદ કરવામાં મદદ મળે છે. નાની નાની બાબતોને લઇને બસને પરેશાન કરવાની કોઇ જરૂર નથી. બોસ આપની મદદ માટે હમેંશા તૈયાર રહે છે પરંતુ નાની નાની બાબતોને લઇને બોસને હેરાન કરવાની બાબત મુશ્કેલીમાં મુકનાર તરીકે હોય છે. પોતાના લેવલ પર જ તમામ સમસ્યા અને અડચણોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. જો તમને લાગે કે આ બાબતો આગળ ચાલીને તમને હેરાન કરશે અને મોટા ઇશ્યુ તરીકે રહેશે તો આવી સ્થિતીમાં બોસ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. જો તમને કોઇ જવાબદારી સોંપવામાં આવી છે તો તેને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરીછે. આનાથી ભાગવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. કોઇ બહાના કરવાના પ્રયાસ પણ કરવા જોઇએ નહીં. તે બોસ પર ખરાબ અસર કરે છે. બોસની સામે ખરાબ છાપના કારણે તે આપને મુશ્કેલીમાં મુકી શકે છે. પોતાના કામને વહેલી તકે પૂર્ણ કરીને પોતાનુ ૧૦૦ ટકા યોગદાન આપવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે કોઇ મુદ્દા પર બસ આપની સલાહ મેળવે છે. આવી સ્થિતીમાં જો આપને કામ સાથે સંબંધિત માહિતી છે તો તે ઉપયોગી સાબિત થઇ શકે છે.



## જુદા જુદા કારણોસર સતત ખેતીના ક્ષેત્રમાં ઘટાડો જારી છે

**વરસાદ વગર પણ સતત જમીનો ઘણા સમય સુધી વેરાન પડી રહે છે આજે માનવી સભ્યતા માટે બિનફળદ્રુપ પાક જમીન એક ખુબ મોટી સમસ્યા બની ચુકી છે આંકડા મુજબ દુનિયામાં ૨૩ ટકા ભૌગોલિક ક્ષેત્ર મરુસ્થળીકરણના સકંજામાં આવી ગયા છે**

# ભવિષ્યમાં ભીષણ અનાજ સંકટ રહેશે

**ભૂક્ષરણની પ્રક્રિયા રોકેટગતિથી વધી રહી છે : બંજર જમીન પર બહાર લાવવાની બાબત મોદી સરકાર માટે બિલકુલ સરળ નથી**

બિન ઉપજાઉ જમીન પર બહાર લાવવાની બાબત આજે સૌથી મોટા પડકાર તરીકે છે. આજે દેશમાં જ્યારે ભોજન અને પાણી માનવીના મુળભુત અધિકારોમાં માનીને આને સામાન્ય લોકો સુધી પહોંચાડી દેવા માટેની બાબત પણ કાયદાકીય અડચણો બની ચુકી છે. આવી સ્થિતિમાં અનાજ ઉત્પાદનને લઇને ઉભરતા પડકારોને પહોંચી વળવા માટે સંઘર્ષ હવે સરકારની નૈતિક મજબુરી પણ બની ગઇ છે. દુનિયાભરમાં તમામ દેશોમાં જળ, વન્યના બિનજરૂરી આડેધડ ઉપયોગ અને વન્ય વિસ્તારોના નાશ કરવામાં આવી રહ્યા છે. આના કારણે જટિલ સમસ્યા ઉભી થઇ રહી છે. જેથી જમીન બિન ઉપજાઉ અને બિન કૃષિ લાયક બની રહી છે.



આ જ કારણસર વરસાદ વગર પણ સતત જમીનો ઘણા સમય સુધી વેરાન પડી રહે છે. આજે માનવી સભ્યતા માટે બિનફળદ્રુપ પાક જમીન એક ખુબ મોટી સમસ્યા બની ચુકી છે. આંકડા મુજબ દુનિયામાં ૨૩ ટકા ભૌગોલિક ક્ષેત્ર મરુસ્થળીકરણના સકંજામાં આવી ગયા છે. કેન્દ્ર સરકારના હાલના બંજર જમીનને આબાદ કરવાના નિર્ણયને વિશ્વભરમાં આવકાર મળ્યો છે. જો કે આ બાબત ખુબ મોટા પડકાર તરીકે છે. બીજી બાજુ વિશ્વમાં ઝડપથી મરુસ્થળીકરણના કારણે વર્ષ ૨૦૫૦ સુધી દુનિયાની આશરે ૭૦ કરોડ વસ્તીને પલાયન કરવાની ફરજ પડી શકે છે. આ રિપોર્ટના કારણે માનવ સમાજમાં ખળભળાટ મચી ગયો છે. મુલ્યાંકન અને અભ્યાસ કહે છે કે ભૂમિ બિન કૃષિઉપયોગી હોવાના કારણે સતત ખેતીના ક્ષેત્રમાં ઘટાડો થઇ રહ્યો છે. સાથે સાથે ભૂક્ષરણનુ પ્રમાણ વધી રહ્યુ છે. જેથી નજીકના ભવિષ્યમાં અનાજ સંકટ ઘેરાઇ જવાના સંકેત દેખાઇ રહ્યા છે.

ભવિષ્યમાં ભીષણ અનાજ સંકટના વાદળો ઘેરાશે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે જેથી સંબંધિત વિભાગો અને નિષ્ણાંતો કામે લાગી ગયા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઇને સપ્ટેમ્બરમાં પૂર્ણ થયેલા સંયુક્ત રાષ્ટ્રના એક કાર્યક્રમમાં ભારતે સ્પષ્ટતા કરી હતી તે તે બંજર જમીનને ખેતીલાયક બનાવી દેવા માટે સંયુક્ત રાષ્ટ્ર કરારની સાથે સમજુતી પણ કરનાર છે. ખાસ બાબત એ છે કે આ સમારોહમાં સામેલ થયેલા ૧૯૬ દેશો અને યુરોપિયન સંઘના આશરે આઠ હાર પ્રતિનિધીઓ દ્વારા જળવાયુ પરિવર્તન અને જૈવ વિવિધતા તેમજ વધતા જતા રણ વિસ્તારના મામલે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. આ તમામ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવાના મામલે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તમામ મામલે ભારતના વલણની વિશ્વભરમાં આજે પ્રશંસા થઇ રહી છે. એટલે કે એંકદરે ભારતની ચિંતા અને સક્રિયતા અન્ય દેશો માટે ખુબ મહત્વ રાખે છે. દુનિયાભરના દેશોમાં આજે ઝડપી શહેરીકરણના કારણે જટિલ સમસ્યા આવી રહી છે. વન્ય વિસ્તારો ઘટી રહ્યા છે. વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. જળ જંગલ કાપવામાં આવી રહ્યા છે. ભારતની ચિંતા આ બાબતના કારણે વધારે મહત્વ રાખે છે કે દેશમાં કુલ જમીન પૈકી ૩૦ ટકા જમીન આજે મરુસ્થળી જમીન બની ચુકી છે. આના માટે પાણીની તકલીફ અને અન્ય કારણો પણ છે. જમીન જો બિન કૃષિલાયક બને છે તો તેના કારણે જળવાયુ પરિવર્તનને પ્રભાવિત કરે છે. આના કારણે ખાદ્ય પુરવઠાથી લઇને આરોગ્ય સુધી તમામ બાબતો પર અસર થાય છે. જેથી આનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારને નક્કર પગલા લેવા પડશે. એક અન્ય રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૦૭માં દુનિયાની આશકે ૪૦ ટકા કૃષિ યોગ્ય જમીન સ્તરગંભીર રીતે ઘટી જતા સમસ્યા સર્જાઇ ગઇ હતી. આમાંથી મોટા ભાગની ઉર્વર જમીન એવા આદિવાસી વિસ્તારોમાં છે જ્યાંની જમીન રસાયણિક ખાતરોના પ્રયોગથી દુર રહી છે. એક આફ્રિકાની રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જો આફ્રિકામાં માટીના સ્તરમાં ઘટાડાનો દોર જારી રહેશે તો તે મહાદ્વિપ હવે ૨૦૨૫ સુધી પોતાની વસ્તીના માત્ર ૨૫ ટકા વસ્તીને જ ભોજન પ્રદાન કરવામાં સક્ષમ રહેશે. ઉલ્લેખનીય છે કે આદિવાસી બહુમતિ વાળા વિસ્તારોમાં આફ્રિકામાં કોર્પોરેટ જગતના લોકો ઘુસણખોરી કરી રહ્યા છે. તેમની ખેતીની જમીનમાં અડચણોના કારણે સમસ્યા આવી રહી છે. ભારતની સ્થિતી પણ સાનુકુળ તો બિલકુલ દેખાઇ રહી નથી. અનાજ ઉત્પાદનને લઇને કેટલાક પડકારો સપાટી પર આવી રહ્યા છે. ભારતની સરકારોએ આદિવાસી વસ્તીમાં ત્યાંની જમીનનો પોતાની ઇચ્છા મુજબ ઉપયોગ કર્યો છે. જેથી પડકારો સતત વધી રહ્યા છે.



## ગંગાનુ નામ સાંભળતાની સાથે જ મનમાં પવિત્રતા વધી જાય છે...

**ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે**

# મંદિર કરતા ગંગાની સફાઇ જરૂરી છે

**જે લોકોએ ગંગાની કથા સાંભળી છે તેના માટે તો ગંગા દેવી કરતા ઓછી નથી : માતા તો ગંગા એમ પણ છે : સદીઓથી તે પેઢીઓની સેવા કરે છે**

ગંગાનુ નામ સાંભળતાની સાથે જ અમારા તમામના દિલમાં એક પવિત્રતાની વાત આવી જાય છે. પવિત્રતાની ભાવના વધી જાય છે. પવિત્રતાની ભાવના વધે તે સ્વાભાવિક પણ છે. કારણ કે જે લોકોએ પણ ગંગાની કથા સાંભળી છે તેમના માટે તો ગંગા દેવી સમાન છે. માતા તો ગંગા પહેલાથી જ તમામની છે. માતાને લઇને તો કોઇ શંકા નથી. કારણ કે અમારી કેટલી પેઢીઓની સેવા ગંગા દ્વારા કરવામાં આવી છે. તેના વગર ભારતની કલ્પના કરવી પણ યોગ્ય નથી. કારણ કે ભારતનો જન્મ જ તેના કારણે થયો છે. ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત. યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત. આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે. પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે. થેમ્સના કિનારે ઇંગ્લેન્ડ પાટનગર છે. આવી જ રીતે ભારત માટે ગંગા અને યમુના છે. થેમ્સને જોતા હેરાનગતિ થાય છે. કારણ કે તેના કિનારે મોટા મોટા જજાહો જોવા મળે છે. તે એક ભરપુર ભરાયેલી નદી તરીકે દેખાય છે. તેને જોઇને મનમાં આવે છે કે તે ભવિષ્યમાં પણ અનેક પેઢીઓની સેવા કરનાર છે. પરંતુ ગંગા અને યમુના સાથે એવી નથી. તેમની સ્થિતીને જોઇ શકાય છે. ગરમીની સિઝનમાં યમુનાને તો ઓળખી પણ શકાય નહી. તે નદીથી એક ગંગા નાળામાં ફેરવાઇ



જાય છે. તેમના અંગે વર્ષો પહેલા અભિનેતા રાજકપુરે યોગ્ય કહ્યુહતુ કે ગંગા પાપીઓના પાપ ધોતા ધોતા મેલી થઇ ગઇ છે. આજે મેલી ગંગાની હાલત ખુબ જ ખરાબ છે. આ બાબતથી ગંગાના કિનારે રહેનાર લોકો પણ વાકેફ છે. કમનસીબ બાબત એ છે કે ગંગા મેલી થઇ હોવા છતાં તેને સાફ કરવા તરફ કોઇ ગંભીર પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. જેના મન ગંગાની જેમ પવિત્ર છે તે લોકો જ જ આને સાફ કરી શકશે. મનમાં ખામી અને વેર ઝેર રાખીને તેને કોઇ સાફ કરી શકશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીથી ચૂંટણી લડી હતી. જેથી સ્વાભાવિક રીતે માનવામા આવી રહ્યુ હતુકે તેઓ ગંગાની સફાઇની વાત કરશે અને મોદીએ કરી પણ હતી. મોદીએ કહ્યુ હતુ કે માતાએ તેમને બોલાવ્યા છે. તેઓ ગંગાને સાફ કરીને જ ઝંપશે. વારાણસીના લોકોને એ વખતે જ પુછી લેવાની જરૂર હતી કે સાફ તો કરશો પરંતુ કઇ રીતે કરાશે. મોદીએ ગંગાને સાફ કરવા માટે નમામિ ગંગે નામના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ તો પહેલાથી જ દમ તોડવાના કિનારે છે. કેગના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પહેલા ચાર વર્ષોમાં તે પ્રોજેક્ટ માટે નવિયત ૨૦ હજાર કરોડ પૈકી માત્ર પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરી શકાયો હતો. જ્યારે રાષ્ટ્રના વડાપ્રધાન મોદી દ્વીરા કરવામાં આવેલા વચન છતાં તેને સ્વચ્છ કરવામાં આવી નથી તો કોઇ અન્યની પાસે આશા કઇ રીતે રાખી શકાય છે. શુ ગંગાને કોઇ સમય સાફ કરી શકાશે નહીં. જ્યારે દેશમાં આઠ આઠ લેનના માર્ગો બની શકે છે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા બની શકે છે અને બુલેટ ટ્રેન ચલાવવા માટેની તૈયારી થઇ શકે છે તો ગંગાને કેમ સાફ કરી શકાય નહી. ગંગા સ્વચ્છ થઇ શકે છે પરંતુ આ કામ કોઇ રાજકીય પાર્ટી કરશે તેને લઇને શંકા છે. મજબુત રાજકીય ઇચ્છાશક્તિ અને રાજકીય પક્ષપાતથી ઉપર ઉઠીને આ પ્રક્રિયા હાથ ધરી શકાય છે. ગંગાની સફાઇ એ વખતે જ શક્ય છે જ્યારે તે ભારતીય જનતા માટે એક ભાવનાશીલ મુદ્દો બને. જનતા પાસેથી ક્યા ક્યા કામ માટે સેસ લેવામાં આવતા નથી. ગંગાની સફાઇના મુદ્દા પર તમામ એનજીઓ એક સાથે આવી શકે છે. જનતા સેસ આપી શકે છે. અહીં સુધી કે લોકો પૈસા દાન કરીને મોટા ફંડની રચના કરી શકે છે. મોટા ભાગના લોકો માને છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ આ કામને સૌથી વધારે અસરકારક રીતે પૂર્ણ કરી શકે છે. કારણ કે તેમની ઇચ્છાશક્તિ તીવ્ર રહે છે. તેમના કેટલાક પ્રોજેક્ટ ખુબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવી ચુક્યા છે. ગંગા સફાઇને પણ પણ પ્રાથમિકતાના આધાર પર પૂર્ણ કરવામાં આવી શકે છે. ઇચ્છાશક્તિ સૌથી ઉપયોગી છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે જે રીતે હિન્દુ સંગઠનો અને સંસ્થાઓ આગળ આવી રહી છે તેવી જ રીતે આ મામલે પણ તમામ લોકો આગળ આવે તે જરૂરી છે. રામ મંદિરના મામલે જે રીતે લોકોની ઇચ્છાશક્તિ રહે છે તેવી ઇચ્છાશક્તિ આમાં જરૂરી છે.

# હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી ૩૦ ટકા સુધી ઘટી જાય છે : કોઇ પણ પ્રકારની રનિંગથી ફાયદો થાય છે

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઇ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઇ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઇ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામા આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ૩૫થી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઇપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઇકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# હેરને ખરતા અટકાવવા માટે અજવાવો આ ઉપાયો



આજકાલ નાની વયમાં વાળ સફેદ થવા અને વાળ ખરવાની સમસ્યા સામાન્ય બની રહી છે. હેરની સારસંભાળ માટે, માથામાં નાળિયેર તેલની માલિશ કરવાની સલાહ આપવામાં આવે છે. આ ઉપાયો અપનાવવાથી તમારા વાળ પહેલા જેવા જ કાળા અને ઘટ્ટ પણ થશે.

### નાળિયેર તેલ અને લીમડાના પાન

વાળના નિષ્ણાતોના મતે, જો તમારા વાળના મૂળ નબળા થઈ રહ્યા છે, તો તમે નારિયેળના તેલમાં મીઠા લીમડાના પાનનો ઉપયોગ કરી શકો છો. આ માટે સૌ પ્રથમ પાંદડાને સૂકવી લો. ત્યાર બાદ તે સૂકા પાનને નારિયેળના તેલમાં નાખીને ગરમ કરો. થોડીવાર ગરમ કર્યા પછી, તે તેલને કાઢી લો અને તેને ઠંડુ કરો અને પછી તે દ્રાવણને વાળના મૂળમાં લગાવો. આમ કરવાથી તમારા વાળના મૂળ મજબૂત બને છે અને વાળ ખરવા પણ લાગે છે.

### નારિયેળ તેલમાં એલોવેરા જેલ મિક્સ કરો

વાળમાં નાળિયેર તેલમાં એલોવેરા લગાવવું પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ખરેખર, એલોવેરા જેલમાં વિટામિન-એ, બી અને બી12 જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. જ્યારે નારિયેળ તેલમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણ હોય છે. આ બંનેના મિશ્રણને લગાવવાથી વાળ મજબૂત બને છે અને તેમાં ખંજવાળની સમસ્યા પણ રહેતી નથી. તેનાથી વાળમાં ચમક પણ વધે છે

### એરંડાના તેલનો ઉપયોગ

વાળ ખરતા અટકાવવા માટે તમે નારિયેળના તેલમાં એરંડાનો ઉપયોગ પણ કરી શકો છો. એરંડાના તેલમાં ફેટી એસિડ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે મૂળને મજબૂત બનાવે છે અને વાળ ખરતા અટકાવે છે. આ બંનેનું મિશ્રણ લગાવવાથી વાળમાં જમા થયેલી ગંદકી પણ દૂર થાય છે અને સમય પહેલા સફેદ થતાં નથી.



# કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર ભરેલો છે

કોળુ જેને પમ્પકીન કહેવાય છે, તેના બીજ મોટા ભાગે લોકો ફેંક દેતા હોય છે. પણ કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર હોય છે. કોળાના બીજને જો થોડા પણ ડાયટમાં સામેલ કરી લેવામાં આવે તો, આપણને કેટલીય બીમારીઓથી બચાવી શકે છે. તે પોષક તત્વોથ ભરપૂર હોય છે. થોડી માત્રામાં પણ કોળુના બીજ ખાવાથી હેલ્દી ફેટ મેગ્નેશિયમ, ઝિંક, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, મેગ્નીઝ, આયરન કેટલાય પ્રકારના વિટામિન સહિત એન્ટીઓક્સિડેંટ્સનો હાઈ ડોઝ મળ શકે છે. હાઈ એન્ટીઓક્સિડેંટ્સના કારણે કોળાના બીજ કેન્સર સહિત કેટલીય બીમારીઓથી બચાવે છે. તે કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરને ખૂબ જ જલ્દી ઘટાડી દે છે.

પેશાબ સંબંધિત સમસ્યાઓથી મુક્તિ : કોળાના બીજના સેવનથ પેશાબ સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. પમ્પકીન સીડ્સ પ્રોસ્ટેટિક હાઈપરલેપ્સિયા જેવી બીમારીઓથી રાહત પહોંચાડે છે. કોળાન બીજ બ્લેડરની બીમારીથી છુટકારો અપાવે છે. આ યૂરેનરી ઈંફેક્શનને કામ કરે છે અને યૂરીનરી ફંક્શનને તેજ કરે છે.

હાર્ટ એટેકના ખતરામાં કમી : કોળાના બીજમાં એન્ટીઓક્સિડેંટ્સ મેગ્નેશિયમ, ઝિંક અને અનસૈચુરેટેડ ફેટ જોવા મળે છે, જે હાર્ટના હેલ્થ માટે ખૂબ જ ઔષધિવર્ધક છે. એટલા માટે કોળાના બીજ હાર્ટ એટેક અથવ સ્ટ્રોકના જોખમને કમ કરે છે. તો વળી કોળાના બીજને કોલેસ્ટ્રોલ લેવલને પણ ખૂબ જ કમ કરે છે, જેનાથી ધમણીઓમાં પ્લેક જમા થવાનો ખતરો કમ કરે છે. એક અધ્યયનમાં જણાવ્યા અનુસાર કોળાના બીજ ગુડ કોલેસ્ટ્રોલને વધારે છે અને બેડ કોલેસ્ટ્રોલને ઘટાડે છે.

બ્લડ શુગરમાં કમી : કોળાના બીજમાં ડાયાબિટીઝ દર્દીને ખૂબ જ ફાયદ મળે છે. તેનાથી બ્લડ શુગરને ઘટાડી શકે છે. ઉંદર પર કરવામાં આવેલ એક સંશોધનમાં કોળાના બીજના પાઉડરથી તેમાં બ્લડ શુગરને ખૂબ જ વધારે માત્રામાં ઘટાડે છે. તો વળી માણસો પર કરવામાં આવેલા એક અન્ય અધ્યયનમાં એ સામે આવ્યું છે કે, રોજ 65 ગ્રામ કોળાના બીજ ખાવાથ વધારે બ્લડ શુગરને કમ કરી શકાય છે.

# બાળકોને ગેસની સમસ્યા થાય તો અપનાવો આ ઘરેલુ ઉપાયો



નાના બાળકોને ગેસની તકલીફ સૌથી વધારે થતી હોય છે. પેટમાં ગેસની સમસ્યા થાય ત્યારે બાળક રડવા લાગે છે. બાળક નાનુ હોવાથી તે બોલી શકતું નથી. જેના કારણે માતા-પિતા એ જાણી શકતા નથી કે તેને શું થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં માતા-પિતા પણ પરેશાન થઈ જાય છે. આમ, તમારા બાળકને પણ વારંવાર પેટમાં ગેસ થઈ જાય છે તો આ ઘરેલુ ઉપાયો અસરકારક છે.

### એલાયચી

એલાયચીમાં આયર્ન, ફાઈબર, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને વિટામિન C જેવા ઘણા પોષક તત્વો હોય છે જે પાચન અને ગેસ સંબંધિત સમસ્યાઓને દૂર કરે છે. બાળકને એલાયચીવાળુ દૂધ આપી શકો છો અથવા જમવામાં પણ 1 કે 2 એલાયચી મિક્સ કરીને આપો. એલાયચી બાળકોને આપવાથી ઉલ્ટી અને પાચન સંબંધી ઘણી સમસ્યાઓને દૂર થાય છે.

### અજમો

અજમો શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેને ખાવાથી ખોરાક સરળતાથી પચી જાય છે. બાળકોને અજમો આપવા માટે એક બાઉલમાં 1/4 વાટકી પાણીને ઉકાળી લો. પાણીને ઉકળ્યા પછી તેમાં 1/2 ચમચીથી ઓછો અજમો ઉમેરો. પાણીને સારી રીતે ઉકાળ્યા પછી તેને ગાળીને નવશેકું પાણી બાળકને પીવડાવો. બાળકને અજમાની ચા પણ આપી શકાય છે. બાળકને અજમો મર્યાદિત માત્રામાં જ આપો.

# બબુ પોચા ખાવાના અઢળક ફાયદા...



બબુ પોચા એ ખુબ જ લોકપ્રિય ફળ છે. ભારતમાં આ ફળની ખેતી ઉત્તર પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં થાય છે. બબુ પોંચામાં રહેલ ખનીજ વિટામિન સ્વાસ્થ્ય માટે ખુબ લાભદાયી છે. તેના અઢળક ફાયદા વિષે બહુ ઓછા લોકો જાણે છે.

બબુ પોચા ખાવાથી પાચનક્રિયા સારી રહે છે. જે લોકોને જમ્યા પછી ખાધેલું પચવામાં પ્રોબ્લેમ થતો તેના માટે આ ફળ મદદરૂપ થાય છે. તેમાં ફાયબર સારી માત્રમાં હોય છે તેનાથી પાચનતંત્ર મજબૂત બને છે. તેમાંથી આયરન મળતું હોવાથી તે હિમોગ્લોબીન સારી માત્રમાં વધારી શકે છે.

આ ફળમાં વિટામિન સી પણ હોય છે જે રોગ પ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. શરીરને અલગ અલગ રોગોથી લડવાની તાકાત મરે છે. તમને જો હાડકાને લગતી કોઈ સમસ્યા હોય તો આ ફળ નું સેવન ફાયદાકારક રહેશે. આમ બુરોન નામનું રાસાયણિક તત્વ મળી રહે છે જે કેલ્શિયમ લેવલને જારવી રાખવાનું કામ કરે છે.

બબુ પોચાને ખાવાથી સ્કીન પણ ચમકે છે અને બોડીને ભરપૂર એનર્જી મળે છે. શરીર ઉપર સોજો આવ્યો તો તેને ઓછો કરવામાં પણ મદદરૂપ થાય છે. તમે વધુ મહેનત વાળું કામ કર્યું અથવા કસરત કરીને આવ્યા હોય તો આનો જ્યુસ પીવાથી મસલ્સ ને આરામ મળે છે. તમે દિવસભર કામ કરીને થાક્યા હોય તો આ એક ફળ ખાઈ લો તો તણાવમુક્ત થઈ જાઓ છો.

# તહેવારની મોસમમાં ઘરે બનાવો અંજીર બરફી



તહેવારની મોસમ ચાલી રહી છે દરેકના ઘરે તહેવાર પર ગળ્ બનાવવામાં આવે છે. તહેવાર દરમિયાન ઘણા લોકોના ઘરે બરફી બનાવવામ આવે છે. તે ખૂબ જ સરળતાથી તૈયાર પણ થાય છે. ઘણા લોકો બરફી ઘરે બનાવે છે, પરંતુ તે બજાર જેટલી નરમ નથી બનતી. પરંતુ અમે તમને સોફ્ટ અંજીરની બરફી કેવી રીતે બનાવવી તેના વિશે જણાવીશું. જેને મોઢામાં મુકતા જ પીગળવા લાગશે. આ મીઠાઈનો સ્વાદ એવો છે કે બાળકોને પણ તે ખૂબ પસંદ આવે છે. તો ફટાફટ નોંધી લો અંજીરની બરફીની રેસિપી

### સામગ્રી

175 ગ્રામ અંજીરના ટુકડા, 75 ગ્રામ બીજ વગરની ખજૂર, 50 ગ્રામ કિસમિસ, 50 ગ્રામ પિસ્તા ઝીણા સમારેલા, 50 ગ્રામ કાજુ ઝીણા સમારેલા, 50 ગ્રામ બદામ ઝીણી સમારેલી, 04 ચમચી દેશી ઘી.

### અંજીરની બરફી બનાવવાની રીત

સૌથી પહેલા અંજીર, ખજૂર અને કિસમિસને મિક્સરમાં પીસીને પેસ્ટ બનાવી લો. ધ્યાન રાખો પીસતી વખતે પાણી નાખવાનું નથી. હવે પેનને ગેસ પર મૂકો તેમ બે ચમચી દેશી ઘી ઉમેરો. ત્યારબાદ કાજુ, બદામ અને પિસ્તાને હલકા સોનેરી થાય ત્યાં સુધી સાંતળો. જે બાદ તેને એક વાસણમાં કાઢી લો. હવે આ પેનમાં ફરીથ ઘી નાખી ધીમી આંચ પર અંજીરની પેસ્ટ ઉમેરો અને સાતથી આઠ મિનિટ સુધી સાંતળો. આ પછી તેમાં શેકેલા કાજુ, બદામ અને પિસ્તા ઉમેરો. હવે ગેસ બંધ કરીને મિશ્રણને ઘી લગાવીને ગ્રીસ કરેલી થાળી અથવા ચોકીમાં કાઢો. જે બાદ તેને આખી થાળીમાં ફેલાવી દો અને બે કલાક માટે સેટ થવા દો. હવે છરી વડે તમાર મનપસંદ આકારમાં કાપો. તૈયાર છે હેલ્ધી અંજીર બરફી.

# ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી લગાવવાથી ચહેરો ચમકી જશે




જ્યારે જ્યારે વાતાવરણમાં ફેરફાર થાય તો તેની અસર ત્વચા પર સૌથી પહેલા થાય છે. તેવામાં બદલતા વાતાવરણમાં ત્વચાની સંભાળ રાખવા માટે અલગ અલગ વસ્તુઓ સાથે રાખવી પડે છે. સ્કીન કે રૂટિનમાં આજ સુધી તમે અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કર્યો હશે. બદલતા વાતાવરણમાં તમે ત્વચાની સંભાળ લેવા માંગો છો અને ત્વચા પર કુદરતી ગ્લો વધે તેવી ઈચ્છા ધરાવવો છો તો ગ્લિસરીનને અલગ અલગ વસ્તુઓ સાથે ઉપયોગમાં લેવાનો રાખો.

**ગ્લિસરીન અને ગુલાબજળ :** ત્વચા પર ડ્રાયનેસની સમસ્યા હોય તો ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર લગાડો. પાંચ મિનિટ પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો તેનાથી ત્વચાનું મોઈશ્ચર જળવાયેલું રહેશે.

**ગ્લિસરીન અને મુલતાની માટી :** ત્વચા પર ડાઘ થઈ ગયા હોય તો મુલતાની માટીમાં ગ્લિસરીન ઉમેરીને ફેસપેક તૈયાર કરી તેને ચહેરા પર લગાવો. આ ફેસપેક નો ઉપયોગ કરવાથી ચહેરાના ડાઘ ધબ્બા દૂર થાય છે.

**ગ્લિસરીન અને મધ :** મધ અને ગ્લિસરીનનો ઉપયોગ કરવાથી ત્વચા પરના પીગમેન્ટેશનથી રાહત મળે છે. સાથે જ એકને અને ખીલથી પણ મુક્તિ મળે છે.

**ગ્લિસરીન અને લીંબુ :** જો ત્વચા પર ખંજવાળ ખીલ વધારે પ્રમાણમાં થઈ ગયા હોય તો ગ્લિસરીનમાં લીંબુનો રસ મિક્સ કરી ચહેરા પર અપ્લાય કરો થોડીવાર પછી તાજા પાણીથી ચહેરો સાફ કરો.

# પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ અને મધેનું સેવન કરવું ફાયદાકારક

લગભગ દરેક ભારતીય ઘરોમાં તજનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. તેનો ઉપયોગ ઘણા પ્રકારના નાસ્તા, વનસ્પતિ અને હર્બલ પીણાંમાં થાય છે. પરંતુ તજ અને મધનો ઉપયોગ કરવાથી પીરિયડ્સ દરમિયાન થતા દુખાવામાં ઘણી રાહત મળે છે. પીસીઓએસની સમસ્યા અને મેનોપોઝ દરમિયાન થતી સમસ્યાઓને દૂર કરવા માટે મહિલાઓ પણ તજનું સેવન કરી શકે છે.

તજમાં મેગ્નેશિયમ, આયર્ન, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, કેલ્શિયમ, મેંગેનીઝ, કોપર, ઝિંક, વિટામિન્સ, નિયાસિન, થિયામીન અને લાઈકોપીન જેવા પોષક તત્વો મળી આવે છે. આ તમામ પોષક તત્વો તમારા શરીરને મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. મહિલાઓ માટે તજ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પોષક તત્વો તમારી રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. આ તમારી ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે.

પીરિયડ્સમાં ઘણી સ્ત્રીઓને ભારે દર્દ અને પેટ સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં તજમાં રહેલા ફાઈબર, પોટેશિયમ અને અન્ય પોષક તત્વો આ સમસ્યાઓને દૂર કરી શકે છે. આ માટે તમે તજનું પાણી પી શકો છો.



### આ રીતે કરો ઉપયોગ

- તજનું પાણી બનાવવા માટે તમે તજને આખી રાત પલાળીને રાખી શકો છો. આ સિવાય તમે તજને પાણીમાં 10 મિનિટ ઉકાળીને પી શકો છો.
- પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ પાવડર આરામદાયક હોઈ શકે છે.
- પેટ સંબંધિત સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે તમે તજ અને લીંબુ પાણી પી શકો છો.
- આ સિવાય તમે તજ અને ગોળની પેસ્ટ પણ ખા

# રશિયાનો યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો । ન્યૂક્લીયર એજન્સી એલર્ટકિવ





રશિયા : રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ વધુ ઘાતક બની રહ્યું છે, રશિયાએ હવે યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર હુમલો કર્યો છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પરમાણુ પ્લાન્ટ પર રશિયાના હુમલાનો વીડિયો જાહેર કર્યો હતો. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે રાત્રીના સમયે રશિયન ડ્રોન કેરનોબી ન્યૂક્લીયર પાવર પ્લાન્ટ પર ધડાકા સાથે અથડાયું હતું. જોકે પ્લાન્ટનો બહારનો હિસ્સો જ ક્ષતિગ્રસ્ત થયો હતો.યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર જાહેર કરેલા વીડિયોમાં ડ્રેન હુમલા સમયે થયેલો મોટો વિસ્ફોટ ઉપરાંત તેનાથી ન્યૂક્લીયર પાવર પ્લાન્ટમાં પડેલુ મોટુ ગાબડુ પણ દેખાડવામાં આવ્યું છે. વીડિયોમાં પ્લાન્ટનો સળગતો શીલ્ડ અને અંદર થયેલા નુકસાનને પણ દેખાડવામાં આવ્યું છે. આખી રાત રશિયાએ યુક્રેન પર ડ્રોન હુમલા કર્યા હતા જેમાં આ ન્યૂક્લીયર પ્લાન્ટને પણ નિશાન બનાવવામાં આવ્યો હતો. બીજા દિવસે સવારે આ પ્લાન્ટની ચકાસણી કરવામાં આવી હતી જોકે રેડિએટર લેવલ સ્થિર હોવાનું જણાતા યુક્રેને રાહતનો શ્વાસ લીધો હતો. યુક્રેનના આ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટના કવરને વર્ષ ૨૦૧૬માં બહુ જ મજબૂતાઈથી બનાવવામાં આવ્યું હતું, ૧૯૮૬માં આ જ ન્યૂક્લિયર પ્લાન્ટમાં મોટી હોનારત સર્જાઈ હતી જેની અસર સમગ્ર યુરોપ પર જોવા મળી હતી, આશરે ૭૦ હજાર જેટલા લોકોને તાત્કાલીક સુરક્ષિત સ્થળે ખસેડવા પડયા હતા. પ્રયાસો પર પાણી ફેરવવા યુક્રેન આ દાવા કરવા લાગ્યું છે.

## વેલેન્ટાઇન ડે પર શાહરૂખ ખાનની પ્રિય પુત્રીને કોણે ગુલાબ મોકલ્યા?



। મુંબઇ, તા.૧૫ ।

બોલિવૂડના કિંગ શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન, બોલિવૂડના સૌથી પ્રખ્યાત સ્ટાર કિડ્સમાંની એક છે અને ઘણીવાર હેડલાઇન્સમાં રહે છે. ક્યારેક તેના સ્ટાઈલિશ અવતાર વિશે તો ક્યારેક તેના અંગત જીવન વિશે. સુહાના ખાન હવે બોલિવૂડમાં પ્રવેશી ચૂકી છે અને પોતાના અભિનયથી દર્શકોના દિલ જીતવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન, સુહાના તેની લવ લાઈફ માટે પણ સમાચારમાં છે અને તેણે શેર કરેલા તાજેતરના ફોટાથી, ચર્ચા ફરી તેજ થઈ ગઈ છે કે કિંગ ખાનની પ્રિયતમ કોઈના પ્રેમમાં પડી ગઈ છે.સુહાના ખાને વેલેન્ટાઇન ડે નિમિત્તે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ફોટો શેર કર્યો છે, જેની સાથે જ સુહાનાની લવ લાઈફ વિશે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. વેલેન્ટાઈન ડે પર શેર કરાયેલા સુહાનાના આ ફોટાએ તેના ચાહકોમાં હલચલ મચાવી દીધી છે. ખરેખર, સુહાનાએ તાજેતરમાં જ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ખીલેલા ગુલાબી ગુલાબની તસવીર શેર કરી છે, જેને જોઈને દરેક વ્યક્તિ જાણવા માટે ઉત્સુક છે કે વેલેન્ટાઈન ડે પર સુહાનાને આ ગુલાબ કોણે આપ્યા?સુહાના ઘણીવાર 'ધ આર્ચીઝ' ફેમના તેના સહ-કલાકાર અને અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા સાથે જોવા મળે છે.

### હમાસે વધુ ૩ ઇઝરાયલી બંધકોને મુક્ત કર્યા,

# બદલામાં ઇઝરાયલે ૧૦૦ થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા

**પરંતુ ઇઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂની કડકાઈ અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મોટી ચેતવણી બાદ, હમાસે ઇઝરાયલી બંધકોને મુક્ત કર્યા છે**

। ગાઝા, તા.૧૫ ।

ગાઝા યુદ્ધવિરામ હેઠળ શનિવારે હમાસ દ્વારા ત્રણ અન્ય ઈઝરાયલી બંધકોને પણ મુક્ત કરવામાં આવ્યા હતા. હમાસે કડક સુરક્ષા વચ્ચે આ ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા છે. હમાસે બંધકોને મુક્ત કર્યા પછી, ઈઝરાયલે પણ ૧૦૦ થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા. શરૂઆતમાં હમાસ ઈઝરાયલી બંધકોને મુક્ત કરવામાં અનિચ્છા રાખતો હતો. પરંતુ ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂની કડકાઈ અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મોટી ચેતવણી બાદ, હમાસે ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા છે.ઈઝરાયલે કહ્યું છે કે હમાસે તેના ત્રણ બંધકોને મુક્ત કર્યા છે. હમાસે આ બંધકોને ગાઝા પટ્ટીમાં રેડ ક્રોસને સોંપી દીધા. સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મુક્ત કરાયેલા ત્રણ લોકો તેમની સાથે છે અને તેમને પહેલા હોસ્પિટલમાં લઈ જવામાં આવશે. શનિવારે હમાસના ઉગ્રવાદીઓએ ત્રણ ઈઝરાયલી પુરુષ બંધકોને મુક્ત કર્યા. તેમની મુક્તિ પહેલાં, તેમને દક્ષિણ ગાઝા પટ્ટીમાં ભીડ સમક્ષ પરેડ કરવામાં આવી હતી અને પછી રેડ ક્રોસને સોંપવામાં આવી હતી.હમાસ દ્વારા મુક્ત કરાયેલા ઈઝરાયલી



બંધકોની ઓળખ આયર હોર્ન, ૪૬, સાગુઇ ડેકેલ ચેન, ૩૬ અને એલેકઝાન્ડર (સાશા) ટ્રોફાનોવ, ૨૯ તરીકે થઈ હતી. તે બધાનું ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ અપહરણ કરવામાં આવ્યું હતું. જે લોકોને મુક્ત કરવામાં આવ્યા હતા તેઓ થાકેલા દેખાતા હતા, પરંતુ ગયા શનિવારે મુક્ત કરવામાં આવેલા ત્રણ લોકો કરતાં તેમની હાલત સારી દેખાતી હતી. ગાઝા યુદ્ધવિરામ હેઠળ શનિવારે હમાસ દ્વારા ત્રણ અન્ય ઈઝરાયલી બંધકોને પણ મુક્ત કરવામાં આવ્યા હતા. હમાસે કડક સુરક્ષા વચ્ચે આ ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા છે. હમાસે બંધકોને મુક્ત કર્યા પછી, ઈઝરાયલે પણ ૧૦૦ થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા. શરૂઆતમાં હમાસ ઈઝરાયલી બંધકોને મુક્ત કરવામાં અનિચ્છા રાખતો હતો. પરંતુ ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂની કડકાઈ અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ની મોટી ચેતવણી બાદ, હમાસે ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા છે.ઈઝરાયલે કહ્યું છે કે હમાસે તેના ત્રણ બંધકોને મુક્ત કર્યા છે. હમાસે આ બંધકોને ગાઝા પટ્ટીમાં રેડ ક્રોસને સોંપી દીધા.

**૧૦૪૫ 'શીખ આતંકવાદીઓને' આશ્રય આપ્યો**

## કેનેડાએ પણ સ્વીકાર્યું કે ખાલિસ્તાની આતંકવાદીઓ ભારત માટે ખતરો

**ભારત સરકાર લાંબા સમયથી કહી રહી છે કે કેનેડા સરકાર ભારતમાં ગુના કરીને ફરાર થઈ ગયેલા ખાલિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપે**

। ટોરેન્ટો, તા.૧૫ ।

ભારત સરકાર લાંબા સમયથી કહી રહી છે કે કેનેડા સરકાર ભારતમાં ગુના કરીને ફરાર થઈ ગયેલા ખાલિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપે છે. દરેક વખતે ટ્રૂડો સરકારે તેનો ઈનકાર કર્યો હતો. પરંતુ, હવે કેનેડાની સરકારે ખુદ એ હકીકત સ્વીકારી લીધી છે કે તે ખાલિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપે છે. તેણે એ પણ સ્વીકાર્યું છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ ભારત માટે મોટો ખતરો છે. આ બધું હોવા છતાં કેનેડાની સરકાર આ તત્વોને સતત આશ્રય આપી રહી છે.માહિતી મુજબ કેનેડાના ફોરેન ઈન્ટરફેન્સ રિપોર્ટમાં આ વાત સામે આવી છે. જેમાં કહેવાયું છે કે ખાલિસ્તાન સમર્થકો કેનેડામાં આરામથી જીવી રહ્યા છે. ૨૦૨૧ અને ૨૦૨૪ ની વચ્ચે એટલે કે આ ત્રણ વર્ષમાં જ તેણે ૧૦૪૫ 'શીખ આતંકવાદીઓને' આશ્રય આપ્યો છે. વર્ષ ૨૦૨૨માં કેનેડાએ તેના દેશમાં સૌથી વધુ ૪૨૮ ખાલિસ્તાનીઓને આશ્રય આપ્યો હતો. કેનેડાનું એમ પણ કહેવું છે કે આ ખાલિસ્તાની આતંકવાદીઓ ત્યાં શાંતિથી રહે છે.ખાસ વાત એ છે કે કેનેડા જેમને 'શીખ મિલિટન્ટ્સ' કહી રહ્યું છે તે વાસ્તવમાં આતંકવાદી છે જેઓ ભારતમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપીને કેનેડા ભાગી ગયા છે. તેઓ ત્યાં ખૂબ જ આરામથી સામાન્ય જીવન જીવી રહ્યા છે. ખાસ વાત એ છે કે કેનેડા ખાલિસ્તાની આતંકવાદીઓને શીખ આતંકવાદી ગણાવે છે અને દાવો કરે છે કે તેમના જ દેશમાં તેમના પર અત્યાચાર ગુજારવામાં આવે છે. કેનેડામાં ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારી દીપક બોહરાને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે કેનેડા શાંતિપૂર્ણ રીતે રહેતા ખાલિસ્તાનીઓની વાત કરી શકે છે. પરંતુ તે એમ પણ માને છે કે કેટલાક ખાલિસ્તાની સમર્થકો ભારતમાં આતંકવાદીઓને ફંડ આપીને વાતાવરણ બગાડવામાં વ્યસ્ત છે.જો કે, કેનેડાએ સ્વીકાર્યું છે કે તેણે ખાલિસ્તાની આતંકવાદીઓ સામે કાયદાકીય આધાર પર દાવા કર્યા છે. આનો અર્થ એ છે કે ભારતે તેના માટે માન્ય દાવા કર્યા છે. મતલબ કે ભારતના આરોપો તથ્ય છે.નોંધનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડાના સંબંધો બગડી ગયા છે.

## સુષ્મિતા સેનના પ્રેમમાં રહેલા લલિત મોદી ફરી પ્રેમમાં પડ્યા



। મુંબઇ, તા.૧૫ ।

આઈપીએલના સ્થાપક અને ભૂતપૂર્વ ચેરમેન લલિત મોદી ફરીથી પ્રેમમાં પડી ગયા છે. તેણે વેલેન્ટાઈન ડે નિમિત્તે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. લલિત મોદીએ એક રોમેન્ટિક પોસ્ટમાં ખુલાસો કર્યો કે તેમના જીવનમાં એક નવી સ્ત્રી પ્રેમીનો પ્રવેશ થયો છે. આ સાથે, એ સ્પષ્ટ થઈ ગયું છે કે સુષ્મિતા સેન સાથેનો તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો છે અને તેમના અલગ થયા પછી, તેમના જીવનમાં ફરીથી ખુશીઓ આવી ગઈ છે. લલિત મોદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોતાની ગર્લફ્રેન્ડ સાથેનો એક વીડિયો શેર કર્યો છે. લોકો આને સંબંધની જાહેરાત પોસ્ટ કરતાં બ્રેકઅપની જાહેરાત તરીકે વધુ માની રહ્યા છે.

જોકે લલિત મોદીએ તેમના જીવનસાથીનું નામ જાહેર કર્યું ન હતું, પરંતુ તેમણે તેમની સાથેની ઘણી તસવીરો શેર કરી હતી, જે દર્શાવે છે કે તેમની ૨૫ વર્ષ જૂની મિત્રતા હવે સંબંધમાં ફેરવાઈ ગઈ છે. લલિત મોદીના પહેલા લગ્ન મીનલ મોદી સાથે થયા હતા. આ દંપતીએ ૧૯૯૧ માં લગ્ન કર્યા અને ૨૦૧૮ માં કેન્સરને કારણે મીનલના મૃત્યુ સુધી સાથે રહ્યા. મીનલના મૃત્યુ પછી, લલિત મોદીના જીવનમાં ઘણી સુંદરીઓ આવી. આ દરમિયાન, સુષ્મિતા સેન સાથેના તેમના અફેરની પણ ચર્ચા થઈ. તેણે અભિનેત્રી સાથે વેકેશનના ફોટા પોસ્ટ કરીને પોતાના સંબંધની જાહેરાત કરી હતી. હાલમાં, તે તેની નવી ગર્લફ્રેન્ડને કારણે હેડલાઈન્સમાં છે.

## ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ખેલાડીઓ તેમના પરિવારના સભ્યોને સાથે લઈ જઈ શકશે નહીં

। નવીદિલ્હી, તા.૧૫ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ભારતીય ટીમની કમાન રોહિત શર્માના હાથમાં છે. આ મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ પહેલા, ભારતીય ટીમ કોઈ વોર્મ-અપ મેચ રમશે નહીં અને ૨૦ ફેબ્રુઆરીએ સીધી બાંગ્લાદેશ સામે રમતી જોવા મળશે. આગામી ટુર્નામેન્ટ માટે, ભારત તેની બધી મેચ યુએઈ ના દુબઈ મેદાન પર રમશે. પરંતુ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ મોટા સમાચાર સામે આવ્યા છે કે ભારતીય ખેલાડીઓ તેમના પરિવારના સભ્યોને તેમની સાથે લઈ જઈ શકશે નહીં. કારણ કે આ ટુર્નામેન્ટ દ્વારા બીસીસીઆઈની નવી મુસાફરી નીતિ પહેલીવાર લાગુ કરવામાં આવી રહી છે.

બાંગ્લાદેશ પછી, ભારતીય ટીમે ૨૩ ફેબ્રુઆરીએ તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે એક મોટી મેચ રમવાની છે. આ પછી, આપણે ૨ માર્ચે ન્યુઝીલેન્ડને હરાવવાનું છે, જેણે ઘણી આઈસીસી ટુર્નામેન્ટમાં આપણને નુકસાન પહોંચાડ્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ની ફાઈનલ ૯ માર્ચે રમાશે. તેથી, આ પ્રવાસ ત્રણ અઠવાડિયાથી ઓછા સમયનો છે જેમાં મ્ઝ્ર્ઝ્રૈં ખેલાડીઓના પરિવારોને તેમની સાથે જવાની મંજૂરી આપશે નહીં. નવી નીતિ હેઠળ, પરિવારો ૪૫ દિવસ કે તેથી વધુ સમયના પ્રવાસ પર ખેલાડીઓ સાથે વધુમાં વધુ બે અઠવાડિયા માટે જ રહી શકે છે.

## મધ્યપ્રદેશ સરકાર ફરી ૫,૦૦૦ કરોડની લોન લેશે, કુલ લોન ૪.૧૦ લાખ કરોડ રૂપિયાને પાર થઈ

। ભોપાલ, તા.૧૫ ।

મધ્યપ્રદેશ સરકાર ૧૮ ફેબ્રુઆરીએ ૫,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું લેવા જઈ રહી છે. આ તેમની ૨૦૨૫ ની પહેલી લોન હશે. સરકારી અધિકારીઓએ જણાવ્યું કે લોન લેવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. સરકાર આ નાણાકીય વર્ષમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની લોન લઈ શકે છે. આનાથી તેમની દેવાની મર્યાદા લગભગ પૂર્ણ થઈ જશે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે અમારી જરૂરિયાત મુજબ લોન લઈશું. મધ્યપ્રદેશ સરકાર ૨૦૨૫ માં નવી લોન લેવાની પ્રક્રિયા શરૂ કરવા માટે કેન્દ્ર સરકારની મંજૂરીની રાહ જોઈ રહી છે. નવા વર્ષમાં અથવા નાણાકીય વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં, રાજ્ય સરકારોએ લોન લેવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડશે. કેન્દ્ર સરકાર રાજ્યની દેવાની સ્થિતિ અને નાણાકીય સ્વાસ્થ્યના આધારે લોન મર્યાદા નક્કી કરે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જ્યાં સુધી તેને કેન્દ્ર સરકારની મંજૂરી મળે છે, ત્યાં સુધી રાજ્ય સરકાર તેની હાલની મર્યાદાનો ઉપયોગ કરીને ઉધાર લઈ શકે છે, જેનો ઉપયોગ નાણાકીય વર્ષના છેલ્લા ક્વાર્ટર પહેલા કરવામાં આવ્યો નથી.કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યા પછી, નવી મર્યાદા મુજબ લોન લઈ શકાય છે. જો સરકાર તેની બાકીની મર્યાદા અને કેન્દ્ર તરફથી નવી મંજૂરી પછી મળેલી મર્યાદા બંનેનો ઉપયોગ કરીને ઉધાર લેવા માંગતી હોય, તો તે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ ઉધાર લઈ શકે છે. પરંતુ અધિકારીઓ કહે છે કે કદાચ આટલી લોનની જરૂર નહીં પડે.૩૧ માર્ચે મધ્યપ્રદેશ સરકાર પર ૩.૭૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું દેવું હતું. આ નાણાકીય વર્ષમાં નિયમિત અંતરાલે લેવામાં આવેલી લોન બાદ, રાજ્યનું દેવું રૂ. ૪.૧૦ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.

### સીબીઆઈએ ક્રિપ્ટો છેતરપિંડી કેસમાં મોટી કાર્યવાહી કરી

### સીબીઆઈએ દિલ્હી-એનસીઆર અને હરિયાણામાં કુલ ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ સમય દરમિયાન, સીબીઆઈએ રોકડ, યુએસ ડોલર અને સોના સહિત અન્ય સામગ્રી જપ્ત કરી

## સીબીઆઈએ ૧.૦૮ કરોડ રૂપિયા, ૧,૦૦૦ અમેરિકન ડોલરનું વિદેશી ચલણ અને ૨૫૨ ગ્રામ સોનું જપ્ત કર્યું

। નવીદિલ્હી, તા.૧૫ ।

ક્રિપ્ટો છેતરપિંડી કેસમાં મોટી કાર્યવાહી કરતા, સીબીઆઈએ દિલ્હી-એનસીઆર અને હરિયાણામાં કુલ ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ સમય દરમિયાન, સીબીઆઈએ રોકડ, યુએસ ડોલર અને સોના સહિત અન્ય સામગ્રી જપ્ત કરી.માહિતી અનુસાર, સરકારી અધિકારીઓ તરીકે ઓળખાઈને લોકોને છેતરનારા કથિત સાયબર ગુનેગારો સામે દિલ્હી અને હરિયાણામાં ૧૧ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા અને આ દરમિયાન ૧.૦૮ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે બે વર્ષ જૂના કેસમાં દિલ્હીમાં નવ સ્થળોએ અને હરિયાણાના હિસારમાં બે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. સીબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આરોપીઓ પર સરકારી અધિકારીઓ તરીકેનો ઢોંગ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ક્રિપ્ટો છેતરપિંડી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.''લોકોને નકલી ટેકનિકલ સપોર્ટ સલાહ આપીને અને તેમને ક્રિપ્ટોકરન્સીના રૂપમાં પૈસા ટ્રાન્સફર કરવા માટે પ્રેરિત કરીને આ છેતરપિંડી કરવામાં આવી




હતી,'' પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ પૈસાને પછી અનેક ક્રિપ્ટો વોલેટ દ્વારા મોકલીને રોકડમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા. '' એજન્સીએ આ કેસમાં ત્રણ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી દીધી છે.દરોડા દરમિયાન સીબીઆઈએ મહત્વપૂર્ણ ડિજિટલ પુરાવા એકત્રિત કર્યા અને છ લેપટોપ, આઠ મોબાઈલ ફોન અને એક આઈપેડ જપ્ત કર્યા. તપાસમાં વીઆઈપી-આધારિત કોલ કરવા અને 'ડાર્કનેટ' ઍક્સેસ કરવા માટે કમ્પ્યુટર પ્રોગ્રામનો ઉપયોગ થતો હોવાનું પણ બહાર આવ્યું છે. વધુમાં, સીબીઆઈએ ૧.૦૮ કરોડ રૂપિયા રોકડા, ૧,૦૦૦ ડોલરની વિદેશી ચલણ અને ૨૫૨ ગ્રામ સોનું જપ્ત કર્યું છે. ક્રિપ્ટો છેતરપિંડી કેસમાં મોટી કાર્યવાહી કરતા, સીબીઆઈએ દિલ્હી-એનસીઆર અને હરિયાણામાં કુલ ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ સમય દરમિયાન, સીબીઆઈએ રોકડ, યુએસ ડોલર અને સોના સહિત અન્ય સામગ્રી જપ્ત કરી.માહિતી અનુસાર, સરકારી અધિકારીઓ તરીકે ઓળખાઈને લોકોને છેતરનારા કથિત સાયબર ગુનેગારો સામે દિલ્હી અને હરિયાણામાં ૧૧ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા અને આ દરમિયાન ૧.૦૮ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે બે વર્ષ જૂના કેસમાં દિલ્હીમાં નવ સ્થળોએ અને હરિયાણાના હિસારમાં બે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

**વિશ્વમાં લોકશાહીનું ભવિષ્ય જોખમમાં** | **વિદેશ મંત્રી એસ જયશંકર, નોર્વેના વડા પ્રધાન અને યુએસ સેનેટર એલિસા સ્લોટકીન અને વોર્સોના મેયર રફાલ ટ્રાસ્કોવસ્કાએ પેનલિસ્ટ તરીકે હાજરી આપી**

# હું લોકશાહી પ્રત્યે ખૂબ જ આશાવાદી છું : વિદેશ મંત્રી એસ જયશંકર

। નવીદિલ્હી, તા.૧૫ ।

ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરે મ્યુનિક સુરક્ષા પરિષદની બેઠકમાં હાજરી આપી હતી. બેઠકમાં, વિદેશ મંત્રીએ ભારત અને વિશ્વમાં લોકશાહીના મહત્વ વિશે વાત કરી અને કહ્યું કે લોકશાહીએ વિશ્વને ઘણું બધું આપ્યું છે. મ્યુનિક સુરક્ષા પરિષદમાં લોકશાહીના વિષય પર એક બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, નોર્વેના વડા પ્રધાન અને યુએસ સેનેટર એલિસા સ્લોટકીન અને વોર્સોના મેયર રફાલ ટ્રાસ્કોવસ્કાએ પેનલિસ્ટ તરીકે હાજરી આપી હતી.મીટિંગમાં કેટલાક પેનલિસ્ટોએ જણાવ્યું હતું કે વિશ્વમાં લોકશાહીનું ભવિષ્ય જોખમમાં છે. જોકે,



ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે આ દાવાને નકારી કાઢ્યો અને કહ્યું કે 'હું લોકશાહી અંગે આશાવાદી છું. હું હમણાં જ મારા રાજ્યમાં ચૂંટણીમાં ભાગ લઈને પાછો ફર્યો છું. ગયા વર્ષે, આપણા દેશમાં રાષ્ટ્રીય ચૂંટણીઓ યોજાઈ હતી અને કુલ મતદારોના લગભગ બે તૃતીયાંશ લોકોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ દરમિયાન ડૉ. જયશંકરે મતદાન દરમિયાન પોતાની આંગળી પરની શાહી બતાવી. ડૉ. એસ. જયશંકરે કહ્યું કે 'ચૂંટણી પરિણામો અંગે કોઈ મતભેદ નથી અને મતદાન શરૂ થયા પછી હવે ૨૦ ટકા વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે.'જયશંકરે કહ્યું કે 'એવું કહેવામાં આવી રહ્યું છે કે આખી દુનિયામાં લોકશાહી ખતરામાં છે, પરંતુ હું એવું માનતો નથી.' લોકશાહી સારી રીતે કામ કરી રહી છે અને લોકશાહીએ દુનિયાને ઘણું બધું આપ્યું છે. તેમણે સ્વીકાર્યું કે 'લોકશાહી સામે પડકારો છે અને વિવિધ દેશોમાં પરિસ્થિતિ અલગ અલગ છે, પરંતુ ઘણા દેશોમાં લોકશાહી સારી રીતે કાર્ય કરી રહી છે.' ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતે સ્વતંત્રતા પછી જ લોકશાહીનું મોડેલ અપનાવ્યું. પશ્ચિમી દેશો માને છે કે લોકશાહી તેમની ભેટ છે, પરંતુ વૈશ્વિક દક્ષિણના દેશો માને છે કે લોકશાહી અન્ય દેશો કરતાં ભારતીય સમાજમાં વધુ ઊંડાણપૂર્વક મૂળ ધરાવે છે. ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરે મ્યુનિક સુરક્ષા પરિષદની બેઠકમાં હાજરી આપી હતી. બેઠકમાં, વિદેશ મંત્રીએ ભારત અને વિશ્વમાં લોકશાહીના મહત્વ વિશે વાત કરી અને કહ્યું કે લોકશાહીએ વિશ્વને ઘણું બધું આપ્યું છે. મ્યુનિક સુરક્ષા પરિષદમાં લોકશાહીના વિષય પર એક બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, નોર્વેના વડા પ્રધાન અને યુએસ સેનેટર એલિસા સ્લોટકીન અને વોર્સોના મેયર રફાલ ટ્રાસ્કોવસ્કાએ પેનલિસ્ટ તરીકે હાજરી આપી હતી.

સુરતમાં નવરાત્રીમાં બનેલા સામૂહિક દુષ્કર્મ કેસમાં ચુકાદો

# સુરતમાં ૨ આરોપી દોષિત જાહેર કોર્ટ સોમવારે સજા સંભળાવશે

## આ કેસમાં ૫૦ પોલીસ અધિકારી-કર્મચારીઓએ તપાસ કરી હતી, પોલીસે ૪૬૭ પાનાની મૂળ ચાર્જશીટ તૈયાર કરી હતી



। સુરત,તા.૧૫ ।

સુરતના મોટા બોરસરામાં સગીરા પર સામૂહિક દુષ્કર્મ કેસમાં આખરે ચુકાદો આવી ગયો છે. સુરત કોર્ટે બંને આરોપી મુન્ના પાસવાન અને રાજુ વિશ્વકર્માને દોષિત જાહેર કર્યા છે. ૧૫ દિવસમાં ૩ હજાર ૫ ।નાની ચાર્જશીટ તૈયાર કરીને કોર્ટમાં રજૂ કરાઈ હતી. હવે ૧૭ તારીખે કોર્ટ આરોપીઓને સજા સંભળાવશે.

આ કેસમાં ૫૦ પોલીસ અધિકારી-કર્મચારીઓએ તપાસ કરી હતી. પોલીસે ૪૬૭ પાનાની મૂળ ચાર્જશીટ તૈયાર કરી હતી. ૨૫૦૦ પાનાની સોફ્ટ કોપીનો સમાવેશ પણ કર્યો છે. ચાર્જશીટમાં ૯૦ સાક્ષીઓના નિવેદન અને પુરાવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. મેડિકલ અને સાયન્ટિફિક રિપોર્ટ, મોબાઈલ ડેટા સહિતના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. સ્પેક્ટોગ્રાફિક પુરાવા પણ પોલીસે કોર્ટમાં રજૂ કર્યા છે. અગાઉ એક આરોપી શિવશંકરનું શ્વાસની તકલીફ બાદ મોત થયું હતું.સગીરો પર ગેંગરેપનો સમગ્ર ઘટનાક્રમ નવરાત્રિમાં બન્યો હતો. આણંદ વિદ્યાનગરમાં અભ્યાસ કરતી સગીરા નવરાત્રિ દરમિયાન સગીરા તેના મિત્રને મળવા કીમ ગઈ હતી. સગીરા અને મિત્ર રાત્રે ૧૦:૩૦ કલાકે અન્ય ૨ મિત્રોથી છૂટા પડ્યા હતા. જે બાદ, બન્ને મોટા બોરસરાના હાઈવે પર પ ેટ્રોલ પુરાવવા નીકળ્યા હતા. જે બાદ, મોટા બોરસરા ગામની સીમમાં રસ્તા પર ખેતર પાસે સગીરા અને તેનો મિત્ર બેઠા હતા, ત્યારે, અજાણ્યા ૩ શખ્સોએ પહોંચીને સગીરાના મિત્રને માર મારીને ભગાડી દીધો હતો.

## મહેસાણામાં દીકરી જન્મતા પતિએ પત્નીને ત્રણ તલાક આપી દીધા

। મહેસાણા, તા.૧૫ ।

મહેસાણામાં ત્રણ તલાકની ઘટના સામે આવી છે. મહેસાણામાં દીકરી જન્મતા પરિણીતાને ત્રણ તલાક આપ્યા હોવાની ઘટના સામે આવી છે. દીકરાને બદલે દીકરી જન્મતા પતિએ છૂટાછેડા આપ્યા છે. મહેસાણાના શોભાસણ રોડ પર રહેલી પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે.૨૦૦૭માં લગ્ન બાદ દીકરીનો જન્મ થયો હતો. છેલ્લા ૪ વર્ષથી પતિ સહિત સાસરિયાના હેરાન કરતા હોવાનું પણ સામે આવ્યું છે. પતિ, સસરા, સાસુ, નણંદ અને મામી સાસુ સામે પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે.


સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૨૧૩ બેઠક બિનહરીફ વિજેતા જાહેર થઈ ચુકી

# ગુજરાતમાં નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણી માટે આજે મતદાન યોજવામાં આવશે

## ૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડમાંથી ૨૪ વોર્ડ સંપૂર્ણ બિનહરીફ જાહેર થયા

। ગાંધીનગર, તા.૧૫ ।

નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરી રવિવારે મતદાન થવાનું છે. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મત ગણતરી કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૨૧૩ બેઠક બિનહરીફ વિજેતા જાહેર થઈ ચુકી છે.આવતીકાલે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે રાજ્ય ચૂંટણીપંચે અને તંત્રએ ચૂંટણીઓની તૈયારીઓ કરી લીધી છે. મતદાન ઈવીએમ દ્વારા આવતીકાલે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી થશે. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મત ગણતરી કરવામાં આવશે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૧ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થશે.જુનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડની ૬૦ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી માટે મતદાન થશે. તો સાથે જ રાજ્યની ૬૬ નગરપાલિકાઓના ૪૬૧ વોર્ડની




૧૮૪૪ બેઠકો માટે સામાન્ય ચૂંટણી, ૨ નગરપાલિકા બોટાદ અને વાંકાનેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટેની મધ્ય સત્ર ચૂંટણી યોજાશે.

આ સિવાય કઠલાલ, કપડવંજ અને ગાંધીનગરની તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાન થશે.મહાનગરપ ાલિકાની ૩ બેઠકો, નગરપાલિકાની ૨૧ બેઠકો, જિલ્લા પંચાયતની ૦૯ બેઠક અને તાલુકા પંચાયતની ૯૧ બેઠકની પેટાચૂંટણી માટે મતદાન થશે. માહિતી અનુસાર, આવતીકાલે કુલ ૩૮,૮૬,૨૮૫ મતદાતાઓ મતદાન કરશે.જૂનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડની ૬૦ બેઠકોમાંથી ૮ બેઠકો બિનહરીફ વિજેતા જાહેર થઈ ચુકી છે. ઉપરાંત અમદાવાદ મહાનગરપ ાલિકાની વોર્ડ નંબર ૭ની બેઠક માટે પેટા ચૂંટણી યોજાશે. જયારે ભાવનગર મહાનગરપાલિકાની વોર્ડ નંબર ૩ની બેઠક માટે પેટાચૂંટણી માટે મતદાન થશે. આ સિવાય સુરત મહાનગરપ ાલિકાની વોર્ડ નંબર ૧૮ની બેઠક માટે પેટાચૂંટણી માટે મતદાન થશે.૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડમાંથી ૨૪ વોર્ડ સંપૂર્ણ બિનહરીફ જાહેર થયા છે. જયારે નગરપાલિકાની ૧,૮૪૪ બેઠકોમાંથી ૧૬૭ બેઠક બિનહરીફ જાહેર થઈ છે. એટલે કુલ ૧,૬૭૭ બેઠકો પર ચૂંટણી થશે. સાથે જ ૫ ાલિકાની ચૂંટણી માટે કુલ ૪,૩૭૪ ઉમેદવારો મેદાને છે.નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરી રવિવારે મતદાન થવાનું છે.


# સાયબર ફ્રોડ કરનારી ટોળકીને ઝડપનાર સાયબર પોલીસની કામગીરીને હર્ષ સંઘવીએ બિરદાવી

## અમદાવાદ સાયબર સેલે સાયબર ફ્રોડ કરનારાઓ ૧૧ લોકોની ધરપકડ કરી મોટી કાર્યવાહી હાથ ધરી

। અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં સાયબર ફ્રોડ કરનારાઓની ટોળકીને સાયબર ક્રાઈમે ઝડપી પાડી છે. અમદાવાદ સાયબર સેલે સાયબર ફ્રોડ કરનારાઓ ૧૧ લોકોની ધરપકડ કરી મોટી કાર્યવાહી હાથ ધરી છે. આધારકાર્ડના સરનામામાં છેડછાડ કરી બેંક ખાતાઓ ખોલીને ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન કર્યાની માહિતીના આધારે તપાસ શરૂ કરી હતી. સાયબર ફ્રોડ કરનારી ટોળકીને ઝડપનાર સાયબર પોલીસની કામગીરીને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બિરદાવી છે.સાયબર ગુનેગારોની પૂછપરછમાં ખુલાસો થયો છે કે તેમણે આ બેંકના ખાતાની ચીની સાયબર ગુનેગારોને માહિતી પૂરી પાડી હતી. જેમાં બહાર આવ્યું છે કે કર્ણાટક, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં મોટા પાયે કૌભાંડો કરવામાં આવ્યા હતા. સાયબર ક્રાઈમની ટોળકીએ ચાંદખેડામાં આવેલી પાર્શ્વ રેસિડેન્સીના એક ફ્લેટમાં નાણાકીય કૌભાંડો આચરતા હતા. પોલીસને ૪૩ એટીએમ કાર્ડ, ચેકબૂક, ૧૫ મોબાઈલ, ૨૦ પાનકાર્ડ, ૧૦ આધાર કાર્ડ, ૧ પિસ્તોલ, ૭ કારતૂસ કબ્જે કરી ૧૧ લોકોની ધરપકડ કરી હતી. આ ટોળકી શેરબજારમાં રોકાણ કરવાના બહાને પૈસા પડાવતી હતી. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે બે આરોપીઓ સુરેશ બિશ્નોઈ, અનિલ બિશ્નોઈ ૧૦ દિવસ પહેલા અમદાવાદ આવ્યા હતા. એકાઉન્ટના ભાડા પેટે ૧૦ થી ૨૦ હજાર રૂપિયા પણ ચૂકવાતા હતા.




ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં ન્યૂઝ મીડિયા ક્ષેત્રે કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

૬ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંપર્ક । 98252 52125




વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in










**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya